# બેંકમાં કામ કરતાં કર્મચારીઓ માટે ચાલુ નોકરીએ MBA કરવાની તક

## બેંકોમાં પ્રોફેશનલિઝમ લાવવા શિક્ષણવિદોનો પ્રયાસ

રાજકોટ તા. ૧૨ : સેન્ટર ફોર બેંકિંગ રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ એક્સલન્સ (CBRDE) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બેંકોમાં કામ કરતાં કર્મચારીઓને ચાલુ નોકરીએ MBA(બેન્કિંગ એન્ડ ફાયનાન્સ) કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

બેંકનું કામ કરતાં-કરતાં અભ્યાસ કરી શકાય તે માટે આ પ્રોગ્રામના કલાસીસ રાજકોટમાં દર માસનાં બીજો અને ચોથો શનિવાર, દરેક રવિવાર અને રજાના દિવસોમાં કરવાના રહેશે. બાકીના દિવસોએ ઓછામાં ઓછા બે કલાક ઓનલાઇન ટ્રેનિંગ મેળવવાની રહેશે.

આ પ્રકારે ચાલુ નોકરીએ ભણવાની તક મળતાં MBA કોર્સને અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. વધુમાં આ કોર્સની ફી ફક્ત રૂા. ૧૯,૦૦૦ પ્રતિ સેમેસ્ટર રાખવામાં આવેલ છે.

આ માટે ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્ક ફેડરેશનના ચેરમેન શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે બેંકોમાં પ્રોફેશનલિઝમ લાવવાના ભાગરૂપે આ કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઇ ચૂકી છે. આ માટે વધુ વિગત અંગે સંપર્ક: જે. વી. શાહ ૯૪૨૭૬૧૩૭૦૬ / ભરત કાપડીઆ ૯૪૨૭૬૧૩૭૦૮.